# Shri Dattabavani Original Gujarati

# શ્રી દત્તબાવની મૂલ ગુજરાતી

## Document Information

Text title : dattabAvanI 52 verses for Shri Datta in original Gujarati

File name : dattabAvanIgujarAtI.itx

Category : deities_misc, dattatreya

Location : doc_deities_misc

Author : Ranga Avadhuta Swami

Latest update : August 22, 2020

Send corrections to : sanskrit@cheerful.com

This text is prepared by volunteers and is to be used for personal study and research. The file is not to be copied or reposted without permission, for promotion of any website or individuals or for commercial purpose.

**Please help to maintain respect for volunteer spirit.**

Please note that proofreading is done using Devanagari version and other language/scripts are generated using **sanscript**.

December 17, 2022

*sanskritdocuments.org*

Shri Dattabavani Original Gujarati

# શ્રી દત્તબાવની મૂલ ગુજરાતી

જય યોગીશ્વર દત્ત દયાળ । તુ જ એક જગમાં પ્રતિપાળ ॥ ૧॥

અત્ર્યનસૂયા કરી નિમિત્ત । પ્રગટ્યો જગકારણ નિશ્ચિત ॥ ૨॥

બ્રહ્માહરિહરનો અવતાર । શરણાગતનો તારણહાર ॥ ૩॥

અન્તર્યામિ સતચિતસુખ । બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ્ ॥ ૪॥

ઝોળી અન્નપુર્ણા કરમાહ્ય । શાન્તિ કમન્ડલ કર સોહાય ॥ ૫॥

ક્યાય ચતુર્ભુજ ષડભુજ સાર । અનન્તબાહુ તુ નિર્ધાર ॥ ૬॥

આવ્યો શરણે બાળ અજાણ । ઉઠ દિગંબર ચાલ્યા પ્રાણ ॥ ૭॥

સુણી અર્જુણ કેરો સાદ । રિઝ્યો પુર્વે તુ સાક્શાત ॥ ૮॥

દિધી રિધ્ધિ સિધ્ધિ અપાર । અંતે મુક્તિ મહાપદ સાર ॥ ૯॥

કિધો આજે કેમ વિલમ્બ । તુજવિન મુજને ના આલમ્બ ॥ ૧૦॥

વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ । જમ્યો શ્રાદ્ધ્માં દેખિ પ્રેમ ॥ ૧૧॥

જમ્ભદૈત્યથી ત્રાસ્યા દેવ । કિધિ મ્હેર તે ત્યાં તતખેવ ॥ ૧૨॥

વિસ્તારી માયા દિતિસુત । ઇન્દ્ર કરે હણાબ્યો તુર્ત ॥ ૧૩॥

એવી લીલા ક ઇ ક ઇ સર્વ । કિધી વર્ણવે કો તે શર્વ ॥ ૧૪॥

દોડ્યો આયુ સુતને કામ । કિધો એને તે નિષ્કામ ॥ ૧૫॥

બોધ્યા યદુને પરશુરામ । સાધ્યદેવ પ્રહ્લાદ અકામ ॥ ૧૬॥

એવી તારી કૃપા અગાધ । કેમ સુને ના મારો સાદ ॥ ૧૭॥

દોડ અંત ના દેખ અનંત । મા કર અધવચ શિશુનો અંત ॥ ૧૮॥

જોઇ દ્વિજ સ્ત્રી કેરો સ્નેહ । થયો પુત્ર તુ નિસન્દેહ ॥ ૧૯॥

સ્મર્તૃગામિ કલિકાળ કૃપાળ । તાર્યો ધોબિ છેક ગમાર ॥ ૨૦॥

પેટ પિડથી તાર્યો વિપ્ર । બ્રાહ્મણ શેઠ ઉગાર્યો ક્ષિપ્ર ॥ ૨૧॥

કરે કેમ ના મારો વ્હાર । જો આણિ ગમ એકજ વાર ॥ ૨૨॥

શુષ્ક કાષ્ઠણે આંણ્યા પત્ર । થયો કેમ ઉદાસિન અત્ર ॥ ૨૩॥

જર્જર વન્ધ્યા કેરાં સ્વપ્ન । કર્યા સફળ તે સુતના કૃત્સ્ણ ॥ ૨૪॥

કરિ દુર બ્રાહ્મણનો કોઢ । કિધા પુરણ એના કોડ ॥ ૨૫॥

વન્ધ્યા ભેંસ દુઝવી દેવ । હર્યુ દારિદ્ય તે તતખેવ ॥ ૨૬॥

ઝાલર ખાયિ રિઝયો એમ । દિધો સુવર્ણ ઘટ સપ્રેમ ॥ ૨૭॥

બ્રાહ્મણ સ્ત્રિણો મૃત ભરતાર । કિધો સંજીવન તે નિર્ધાર ॥ ૨૮॥

પિશાચ પિડા કિધી દૂર । વિપ્રપુત્ર ઉઠાડ્યો શુર ॥ ૨૯॥

હરિ વિપ્ર મજ અંત્યજ હાથ । રક્ષો ભક્તિ ત્રિવિક્રમ તાત ॥ ૩૦॥

નિમેષ માત્રે તંતુક એક । પહોચ્યાડો શ્રી શૈલ દેખ ॥ ૩૧॥

એકિ સાથે આઠ સ્વરૂપ । ધરિ દેવ બહુરૂપ અરૂપ ॥ ૩૨॥

સંતોષ્યા નિજ ભક્ત સુજાત । આપિ પરચાઓ સાક્ષાત ॥ ૩૩॥

યવનરાજનિ ટાળી પીડ । જાતપાતનિ તને ન ચીડ ॥ ૩૪॥

રામકૃષ્ણરુપે તે એમ । કિધિ લિલાઓ કઇ તેમ ॥ ૩૫॥

તાર્યા પત્થર ગણિકા વ્યાધ । પશુપંખિપણ તુજને સાધ ॥ ૩૬॥

અધમ ઓધારણ તારુ નામ । ગાત સરે ન શા શા કામ ॥ ૩૭॥

આધિ વ્યાધિ ઉપાધિ સર્વ । ટળે સ્મરણમાત્રથી શર્વ ॥ ૩૮॥

મુઠ ચોટ ના લાગે જાણ । પામે નર સ્મરણે નિર્વાણ ॥ ૩૯॥

ડાકણ શાકણ ભેંસાસુર । ભુત પિશાચો જંદ અસુર ॥ ૪૦॥

નાસે મુઠી દઈને તુર્ત । દત્ત ધુન સાંભાળતા મુર્ત ॥ ૪૧॥

કરી ધૂપ ગાયે જે એમ । દત્તબાવનિ આ સપ્રેમ ॥ ૪૨॥

સુધરે તેણા બન્ને લોક । રહે ન તેને ક્યાંયે શોક ॥ ૪૩॥

દાસિ સિદ્ધિ તેનિ થાય । દુઃખ દારિદ્ય તેના જાય ॥ ૪૪ ॥

બાવન ગુરુવારે નિત નેમ । કરે પાઠ બાવન સપ્રેમ ॥ ૪૫ ॥

યથાવકાશે નિત્ય નિયમ । તેણે કધિ ના દંડે યમ ॥ ૪૬ ॥

અનેક રુપે એજ અભંગ । ભજતા નડે ન માયા રંગ ॥ ૪૭ ॥

સહસ્ર નામે નામિ એક । દત્ત દિગંબર અસંગ છેક ॥ ૪૮ ॥

વંદુ તુજને વારંવાર । વેદ શ્વાસ તારા નિર્ધાર ॥ ૪૯ ॥

થાકે વર્ણવતાં જ્યાં શેષ । કોણ રાંક હું બહુકૃત વેષ ॥ ૫૦ ॥

અનુભવ તૃપ્તિનો ઉદ્ગાર । સુણિ હંશે તે ખાશે માર ॥ ૫૧ ॥

તપસિ તત્ત્વમસિ એ દેવ । બોલો જય જય શ્રી ગુરુદેવ ॥ ૫૨ ॥

॥ અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત ॥

---

*Shri Dattabavani Original Gujarati*

pdf was typeset on December 17, 2022

Please send corrections to *sanskrit@cheerful.com*